# એન્ટી-આન્ટી જયા: પ્રાઈવસીના ઉલ્લંઘન પર ભડકતી 'એન્ગ્રી ઓલ્ડ વુમન' જયા બચ્ચન

એક સમયની નિર્દોષ અને ચુલબુલી 'ગુડ્ડી' જયા બચ્ચન, આજકાલ તેમના ગુસ્સેલ અવતારના કારણે સોશ્યલ મીડિયામાં છવાયેલી છે. જ્યાં એક તરફ પ્રશંસકો તેમની બેબાકીની પ્રશંસા કરે છે, ત્યાં બીજી તરફ સોશ્યલ મીડિયા પર તેમનો 'શોર્ટ ટેમ્પર' સ્વભાવ સતત ચર્ચાનું વિષય બની રહ્યો છે. વરિષ્ઠ પત્રકારો અને મીડિયાના લોકો તેમની આ નકારાત્મક સાર્વજનિક ઈમેજ પાછળનાં કારણો પર ખુલ્લેઆમ મંતવ્યો આપી રહ્યાં છે, અને લોકો તેમના પતિ અમિતાભ બચ્ચનના શાંત અને નિયંત્રિત વલણને જયા સાથે સરખાવીને ગુસપુસ કરતા રહે છે.



એમ તો હવે તેમણે ખુદ તેમના આ વર્તન પર થોડો પ્રકાશ પાડ્યો છે. તાજેતરમાં, પત્રકાર બરખા દત્તના એક કાર્યક્રમમાં ઉપસ્થિત જયાજીએ 'પાપારાજી'(સેલિબ્રિટીઓના ફોટા પાડતા સ્વતંત્ર ફોટોગ્રાફરો) પર ગુસ્સો કાઢ્યો હતો. સાર્વજનિક સ્થળો પર તેમની સતત નારાજગી અંગે પુછાયેલા અણીયાળા સવાલ પર જયાએ આક્રોશથી કહ્યું હતું;

"હું મીડિયાની ઉપજ છું, પરંતુ પાપારાજી સાથે મારો સંબંધ શૂન્ય છે. કોણ છે આ લોકો? શું તેઓ આ દેશના લોકોના પ્રતિનિધિ છે? તેમના હાથમાં મોબાઈલ ફોન છે અને તેમને એવું લાગે છે કે તેઓ કોઈપણની તસવીર લઈ શકે છે અને ઈચ્છે તેવી કોમેન્ટ કરી શકે છે. આ જે બહાર ડ્રેન-પાઈપ ટાઈપનાં ગંદા પેન્ટ પહેરીને, હાથમાં મોબાઈલ લઈને ઉભા રહે છે, તમે આ લોકોને મીડિયા કહો છો? હું મીડિયામાંથી આવું છું. મારા પિતા (તરુણ કુમાર ભાદુરી) એક પત્રકાર હતા. એવા લોકો માટે મારા મનમાં બહુ સન્માન છે."

**ફાયરવોલ**
**રાજ ગોસ્વામી**

જયાજીએ કહ્યું હતું કે મને ખબર છે કે સોશ્યલ મીડિયામાં મારી નકારાત્મક ઈમેજ છે, પણ મને એની કોઈ પરવા નથી. એક કાર્યક્રમ દરમિયાન, જયા લંચ કરી રહી હતી, ત્યારે એક ફોટોગ્રાફરે તેમના ફોટા લેવાનું શરુ કરી દીધું હતું. એટલે તે ભડકી ગયાં હતાં અને ત્યાંથી ઉઠીને જતાં રહ્યાં હતાં. દેખીતી રીતે જ તેમને તેમની નિજતા (પ્રાઈવસી)નું ઉલ્લંઘન થાય છે તે પસંદ નથી, અને એટલે જ તેઓ વખતોવખત એન્ગ્રી ઓલ્ડ વુમન બની જાય છે.

અમુક લોકો એવું પણ કહે છે કે જયામાં ગુસ્સાની સમસ્યા (એન્ગર ઈસ્યુ) છે; તેઓ નિયમિત ગુસ્સામાં જ હોય છે. એ ઉંમરના કારણે હશે? પારિવારિક કારણોથી હશે? લોકો ગુસપુસ કરતા રહે છે. થોડા વખત પહેલાં, 'કોફી વિથ કરણ' કાર્યક્રમમાં તેમનાં સંતાનો અભિષેક અને શ્વેતા બચ્ચને આનો ખુલાસો કરતાં કહ્યું હતું કે તેમની માતાનો સ્વભાવ ગુસ્સાવાળો નથી, બલકે તે ફોબિયા અને એન્ઝાઈટીથી ઉત્પન્ન થાય છે.

શ્વેતાએ કહ્યું હતું કે તેની માતા ભીડભાડ વાળી જગ્યાઓમાં ક્લસ્ટ્રોફોબિયાનો અનુભવ કરે છે. લોકો જ્યારે તેમની પર્સનલ સ્પેસમાં ઘૂસી જાય છે, ધક્કામુક્કી કરવા લાગે છે અને પૂછ્યા વગર ફોટા પાડવા લાગે છે, ત્યારે તેઓ અસહજ થઈ જાય છે. તેમને એવું મહેસૂસ થાય છે તે ફસાઈ ગઈ છે અને પછી ગુસ્સામાં પ્રતિક્રિયા આપે છે. મતલબ કે તેમનો ગુસ્સો ડર અથવા એન્ઝાઈટીથી બચવાનો એક ઉપાય છે.

અભિષેકે મજાક કરતાં કહ્યું હતું કે સાર્વજનિક રીતે બહાર જતાં પહેલાં તે, પિતા અમિતાભ બચ્ચન અને અશ્વૈર્યા હાથ જોડીને ભગવાનને પ્રાર્થના કરે છે (કે ફોટોગ્રાફરથી બચાવે) અને ક્યારેક તેઓ શ્વેતાને તેમની માં સાથે આગળ મોકલે છે, જેથી બધાને ઠીક કરી નાખે!

2014માં પણ એક ઈન્ટરવ્યૂમાં જયાએ કહ્યું હતું કે મારામાં લોકોની મૂર્ખતા માટે ધીરજ નથી. કોઈની પાસેથી કશું શીખવા જેવું હોય, તો તેમને ચીડ નથી ચઢતી. "હું એટલા માટે અકળાવ છું,"જયાએ કહ્યું હતું, "કારણ કે લોકો મારો સમય બરબાદ કરે છે. હું મૂર્ખતાને સહન નથી કરી શકતી." તેમણે ખુદને આવેગશીલ (ઈમ્પલસિવ) ગણાવી છે. જયાએ સ્વીકાર કર્યો હતો કે તેમના પતિ તેમને 'બહુ રિએકશનરી'(તત્કાળ પ્રતિક્રિયા આપનારી) ગણે છે. તેમણે કહ્યું હતું, "મને ખબર નથી કે બાલિશ કહેવાય કે નહીં, પણ હું સહજ છું, તમે મારી સામે કશું કરો એટલે હું વગર વિચારે પ્રતિક્રિયા આપું છું."

ફિલ્મ પત્રકાર ભાવના સોમૈયાએ એકવાર આ સંદર્ભે કહ્યું હતું, "જયા બચ્ચન તે સમયની એક્ટ્રેસ છે, જ્યારે મીડિયા અને સેલિબ્રિટીઝ વચ્ચેનો સંબંધ ખૂબ ઔપચારિક અને સન્માનજનક હતો. પાપારાજીના કલ્ચરમાં અચાનક વધારો થવો અને 'દરેક જગ્યાએ, દરેક સમયે કેમેરા લઈને પાછળ પડી જવાનું તેમને સ્વીકાર્ય નથી. તેઓ તેને પર્સનલ સ્પેસનું હનન માને છે. જ્યારે પણ કોઈ ફોટોગ્રાફર કે સામાન્ય ચાહક અનુમતિ વગર તેમની બહુ નજીક આવી જઈને ફોટો લેવાની કોશિશ કરે છે, ત્યારે તેમનો ગુસ્સો ફૂટી નીકળે છે."

ગુસ્સાનું એક વધુ મહત્ત્વનું કારણ તેમનું જાહેર જીવન અને આઈડેન્ટિટી સાથે જોડાયેલું છે. રાજ્યસભામાં પણ તેમણે ઘણીવાર તેમના નામોલ્લેખ અંગે અસંતોષ વ્યક્ત કર્યો છે. એકવાર જ્યારે સ્પીકરે તેમને 'જયા અમિતાભ બચ્ચન' કહીને બોલાવ્યાં હતાં, ત્યારે તેમણે ભાર દઈને તેનો વિરોધ કર્યો હતો. તેમનો આ ગુસ્સો માત્ર ઔપચારિકતા નહીં પણ તે એક સ્ત્રી તરીકે તેમની સ્વતંત્ર ઓળખ અને સિદ્ધિઓના સન્માન માટે હતો. તેમને હંમેશા એ સવાલ રહ્યો છે કે એક સ્ત્રી તેના પતિના નામથી જ કેમ ઓળખાવી જોઈએ, જ્યારે સંસદ જેવા ગૌરવસભર મંચ પર તેમની પોતાની સિદ્ધિઓ બોલે છે.

વરિષ્ઠ પત્રકારો પણ માને છે કે જયા બચ્ચન તેમના પદ અને વરિષ્ઠતા પ્રત્યે પૂરા સન્માનની અપેક્ષા રાખતાં હોય છે. જ્યારે તેમને લાગે છે કે તેમના અથવા તેમના સહકર્મીઓ સાથે અસમ્માનજનક વર્તન થઈ રહ્યું છે, ત્યારે તેઓ તરત પ્રતિક્રિયા આપે છે.

જયા બચ્ચનના તીવ્ર અને ગુસ્સેલ વર્તન વિરુદ્ધ, તેમના પતિ અને સદીના મહાનાયક અમિતાભ બચ્ચનનો સાર્વજનિક વ્યવહાર મોટેભાગે શાંત અને નિયંત્રિત હોય છે. જયા બચ્ચન

**ગુસ્સાનું એક વધુ મહત્ત્વનું કારણ તેમનું જાહેર જીવન અને આઇડેન્ટિટી સાથે જોડાયેલું છે. રાજ્યસભામાં પણ તેમણે ઘણીવાર તેમના નામોલ્લેખ અંગે અસંતોષ વ્યક્ત કર્યો છે. એકવાર જ્યારે સ્પીકરે તેમને 'જયા અમિતાભ બચ્ચન' કહીને બોલાવ્યાં હતાં, ત્યારે તેમણે ભાર દઈને તેનો વિરોધ કર્યો હતો.**

ગુસ્સામાં પાપારાજીને ઠપકો આપતી રહે છે, પણ એવી જ પરિસ્થિતિમાં અમિતાભ બચ્ચન શાંત રહે છે અને પરિસ્થિતિને બગડતી અટકાવવા પ્રયાસ કરે છે.

'કેબીસી' પર અમિતાભ બચ્ચને એકવાર મજાકમાં કહ્યું હતું કે જ્યારે તેમની પત્ની ગુસ્સામાં હોય, ત્યારે તેમને એક રૂમમાં બંધ કરી દેવાં જોઈએ.

એ વાત સાચી કે સાર્વજનિક જીવનમાં જયા બચ્ચને વધુ સંયમિત વ્યવહાર કરવો જોઈએ, પણ એટલી સચ્ચાઈ એ પણ છે કે આપણે ત્યાં પાપારાજી કલ્ચર હવે અસહનીય થઈ ચુક્યું છે. જયા જેવા જ અનુભવ અનેક સેલિબ્રિટીઓને થાય છે. ફરક એટલો છે કે તેઓ મૌન રહીને તે સહન કરે રાખે છે, જ્યારે જયાજી સાડીબારી રાખ્યા વગર મોઢા પર કહી દે છે.●

# તમે 'યોગા' કરો છો?

વર્ષો પહેલાં એવું કહેવાતું હતું કે ભારતમાં બનતી ચીજવસ્તુ પર વિદેશનો સિક્કો લાગે ત્યાર પછી જ ભારતમાં તેનો ભાવ આવે છે. તે વાત માત્ર ભૌતિક નહીં, આધ્યાત્મિક અથવા માનસિક બજારને પણ લાગુ પડતી હતી. પરદેશમાં આશ્રમ અને ધોળાં ચેલા-ચેલી ધરાવનારા ભારતમાં પણ સ્ટાર બની જતા હતા. પશ્ચિમના ભૌતિકવાદથી કંટાળેલી ધોળી પ્રજા અધ્યાત્મના શરણે જવા માટે ઘણી વાર એવા લોકોનું શરણું શોધતી, જે અધ્યાત્મનો ધંધો કરીને પશ્ચિમના ભૌતિકવાદમાં મહાલવા ઈચ્છતા હોય. એવી રીતે ભારતમાં, વાયા વિદેશ, ચલણી બનેલી એક ચીજ એટલે યોગ. ભારતમાં 'યોગ' તરીકે તેનું કશું ગ્લેમર ન હતું, પણ તે 'યોગા' બનીને આવ્યું ત્યારે તેની આસપાસ તેજવર્તુળ રચાઈ ચૂક્યું હતું.

ખાણીપીણી અને તનાવને કારણે લોકોના આરોગ્યના પ્રશ્નો વધતા ગયા, તેમ આરોગ્ય વિશેની ચર્ચા વધતી ગઈ - માત્ર ચર્ચા જ, તેની પરનો અમલ નહીં. પહેલાં આયુર્વેદના નામે મોટે ભાગે દેશી ટુચકા ચાલતા હતા, તેમાં દૂધીના કે તુલસીના કે હળદરના ગુણ એટલી અતિશયોક્તિથી વર્ણવાતા કે તેમાં રહેલા સચ્ચાઈના અંશ ઉપર પણ વિશ્વાસ મુકવાનું મન ન થાય. ઈન્ટરનેટનું ચલણ વધતાં એ યાદીમાં 'યોગા'નો પણ ઉમેરો થયો.

આયુર્વેદ અને યોગ તેના મૂળ સ્વરૂપે શાસ્ત્રીય જ્ઞાન-પરંપરાનું અંગ હશે, પણ ધંધાદારી બાબા રામદેવના જમાનામાં આયુર્વેદ અને યોગની દિલ્હીશાઈ ભેળસેળ થઈ ગઈ. પરંપરા અને સંસ્કૃતિના નામે ચાલેલા વેપારમાં જે કંઈ શાસ્ત્રીય જ્ઞાન હશે તેનો ભોગ લેવાઈ ગયો. યોગ દ્વારા આવી શકતી સમધારણતાથી સાવ સામા છેડાનો નમૂનો લાગે એવા રામદેવ પાળીતી ટીવી ચેનલો પર ઠેકડા મારીને ને પેટ અંદરબહાર કરીને તથાકથિત નવભારત (ન્યૂ ઈન્ડિયા)ના યોગગુરુ બની બેઠા. નવભારતનું તો એવું છે - જેવા તેના નેતા, તેવા તેના યોગગુરુ.

રામદેવથી માંડીને ઈન્ટરનેશનલ યોગા ડે સુધી હવે નવેસરથી 'યોગા'ની બોલબાલા છે. આધુનિક જીવનશૈલીમાં હિલોળા લેતાં લેતાં અને તે લેવાનું છોડ્યા વિના, તેની અસરોના નિવારણ માટે લોકો 'યોગા' કરે છે અને તેનું ગૌરવ અનુભવે છે. યોગને 'યોગા' કહીને તેનાં આસનો કરવાથી કશો વધારાનો ફાયદો કે વધારાનું નુકસાન થતાં નથી, પણ યોગને બદલે 'યોગા' કરવામાં વધારે કીક આવતી હોય એવું લાગે છે. તેનું પહેલું સીધું કારણ એ કે 'યોગ' દેશી લાગે છે, જ્યારે 'યોગા' વિદેશી. દેશી વસ્તુઓ વાપરવાનું સૂત્ર પણ અંગ્રેજીમાં ('વોકલ ફોર લોકલ') આપનારા વડાપ્રધાનના દેશમાં લોકોને યોગને બદલે 'યોગા' વધારે ગમે તેમાં શી નવાઈ?

રામદેવે 'યોગા'નો ધંધો ધમધમાવ્યો, તેને કારણે અનેક ઠેકાણે યોગાના ક્લાસ શરૂ થઈ ગયા. ભારતમાં આવું બધું કરવા માટે ડિગ્રીની કે પરવાનગીઓની જરૂર નથી હોતી. તેમાં પણ જેનો જરાસરખો પણ સંબંધ પ્રાચીન ગૌરવ સાથે હોય, તેને કાયદાકાનૂન લાગુ પાડવાં એ તો સંસ્કૃતિવિરોધી, ધર્મવિરોધી, દેશવિરોધી ન ગણાય? વર્તમાન સરકારનું ચાલે તો તે બધી વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓને એમ.ડી.ની ડીગ્રી સમકક્ષ જાહેર કરી દે. આવો નિર્ણય લેનારા અને



તેની જાહેરાત કરનારા લોકોને કે તેમનાં સ્વજનોને ક્યાં એવા ડોક્ટરો પાસે સારવાર કરાવવાની છે કે પરિણામની ચિંતા કરવી પડે? રામદેવ કે તેમના ધંધા-ભાગીદાર બીમાર પડે તો આધુનિક ચિકિત્સાના શરણે જ જાય છે, એ આપણી પરંપરા છે. હજાર વર્ષ પહેલાંનો બદલો લેવાની વાત કરનારા ભાઈનાં છોકરાં પરદેશમાં સ્થાયી થયાં હોય, એ આપણા મહાનુભાવોની તાસીર છે.

'યોગા'ના ક્લાસની સંખ્યા ભલે કોચિંગ ક્લાસની જેમ ભયજનક સપાટી વટાવી ન ગઈ હોય, પણ તેમની સંખ્યામાં વધારો થયો છે. તેના માટે લોકોની આરોગ્ય પ્રત્યેની કે ચુસ્તી-તંદુરસ્તી માટેની જાગરૂકતા ઉપરાંત 'યોગા'ના ટ્રેન્ડમાં પાછળ ન પડી જવાય, તેની ચિંતા પણ જવાબદાર હોઈ શકે છે. 'અરે, તમે યોગા નથી કરતા? કરવા જ જોઈએ. એનાથી બહુ ફાયદો થાય છે. ઈન્ટરેસ્ટ હોય તો કહેજો. હું અમારા યોગા ટીચરનો નંબર આપીશ.'

**બોલ્યું-ચાલ્યું માફ**
**ઉર્વિશ કોઠારી**

આટલું કહ્યા પછી તેમને લાગે છે કે માત્ર યોગનું મહત્ત્વ પ્રસ્થાપિત કરવાનું પૂરતું નથી. ઘણી વાર 'યોગા' કરતાં 'યોગા ટીચર'નું મહત્ત્વ વધારે ગુણકારી નીવડી શકે છે. એટલે તે વજન ઉમેરવા કહે છે, 'અમારાં યોગા ટીચર પહેલાં મુંબઈ રહેતાં હતાં. ત્યાં નીતાભાભીને પણ એ જ યોગા કરાવતાં હતાં. અરે, કરીના કપૂર પણ...' આટલું સાંભળીને કોઈ એવો પ્રતિવાદ કરે કે કરીના કપૂરના યોગટીચર બીજા છે કે પછી કરીના યોગ કરતી જ નથી, તો જવાબ મળશે, 'કદાચ કરીનાએ એમને ફોન કર્યો હશે પણ એ ત્યારે

**ફીને કારણે ઘણા લોકો પહેલાં યુટ્યુબ પર મફતમાં યોગ શીખવનારા નવજાત યોગગુરુઓથી શરૂઆત કરે છે અને યથાશક્તિ તેમાં આવતા વિડિયોના અનુકરણનો પ્રયાસ કરીને, પોતે પણ હવે 'યોગા' કરનારા લોકોની ક્લબમાં સામેલ થયાનો સંતોષ અનુભવે છે**

નીતાભાભી સાથે હોવાથી ઉપાડી નહીં શક્યાં હોય. એ બધું છોડો ને. આપણે શી પંચાત? એક વાર તમે જાતે જોઈ જુઓ.'

'યોગા ટીચર' જાણે છે કે તે યોગ શીખવતાં હોત તો લોકો બહુ તો ગુરુદક્ષિણા આપત, પણ 'યોગા'માં લોકો હોંશે હોંશે મેમ્બરશીપ ફી આપશે. ફીને કારણે ઘણા લોકો પહેલાં યુટ્યુબ પર મફતમાં યોગ શીખવનારા નવજાત યોગગુરુઓથી શરૂઆત કરે છે અને યથાશક્તિ તેમાં આવતા વિડીયોના અનુકરણનો પ્રયાસ કરીને, પોતે પણ હવે 'યોગા' કરનારા લોકોની ક્લબમાં સામેલ થયાનો સંતોષ અનુભવે છે. તેમને 'યોગા'થી ફરક પડે કે ન પડે, જે સંતોષ થાય છે તેનાથી કમ સે કમ થોડા સમય પૂરતું સારું લાગે છે. તે પણ 'યોગા'ની જ સિદ્ધિ ન ગણાય?●

## ઈશિતાનું અલકમલક

### 'બાર મેં ગયા ઔર 'અંદર' ફસ ગયા!

આજકાલ આપણે ત્યાં 'હાઉસ એરેસ્ટ' અને બીજા પ્રકારના સાયબર ફ્રોડની બરાબર સમાંતરે 'સેકસટોર્શન'નાં કૌભાંડ પણ જબરાં ચાલી રહ્યાં છે. કોઈ અજાણી યુવતી ફોન પર દોસ્તી કરીને બહેકી બહેકી વાતો કરે અને પોતાની અર્ધ નગ્ન ઉત્તેજક વીડિયો તમને મોકલે. તમે એની મોહજાળમાં ફસાવ એટલે પેલી અશ્લીલ વીડિયો ક્લિપ જાહેર કરવાની ધમકી આપીને મોટી રકમ પડાવે, બ્લેકમેલિંગ. આ હરકત 'સેકસટોર્શન' તરીકે ઓળખાય છે.



આ જાતનું કૌભાડ તો હમણાં હમણાં વધુ વકર્યું છે પણ એક જમાનામાં જ્યારે આમચી મુંબઈમાં બારબાળાઓનું દૂષણ પરાકાષ્ઠા પર હતું. 80ની સાલમાં મુંબઈમાં ડાન્સ બાર જબરાં ધમધમતાં હતાં. એ વખતે પોલીસની જબરી ધાક હતી એટલે અનેક પોલીસવાળા બાર ડાન્સરો સાથે દોસ્તીના નામે લગ્ન કરવાની લાલચ આપી શારીરિક ફાયદો લેતા ને પછી એને પડતી મૂકતા... આવા કિસ્સા ત્યારે વધવા લાગ્યા હતા. જો કે એ જમાનાની બારબાળાઓ આજની ધંધાદારી કોલ ગર્લ્સ જેટલી સ્માર્ટ નહોતી. આમ છતાં કેટલીક માથાભારે બાર ડાન્સરો એ વખતના પોલીસ કમિશનર જુલિયો રિબેરો પાસે સીધી પહોંચી જઈને ફરિયાદ કરતી. શિસ્તના ચુસ્ત આગ્રહી એવા રિબેરો સરના કડક મિજાજથી મુંબઈનું પોલીસ દળ ધ્રૂજતું. રિબેરો કથિત પોલીસ અધિકારીને બોલાવતા -એની ઊલટતપાસ લેતા અને પેલા પોલીસ ઓફિસરને કડક સ્વરોમાં ફરમાન કરતાં કે જે બાર ડાન્સર સાથે એણે અંગત સંબંધ બાંધીને લગ્નનું વચન આપ્યું છે એની સાથે તાત્કલિક લગ્ન કરી લે, નહીંતર એ આડા સંબંધ જાહેર કરીને એને પોલીસદળમાંથી હાંકી કાઢવામાં આવશે! આ રીતે બાર ડન્સરોને ફસાવનારા પોલીસ ઓફિસરો ખુદ પોતાની જ 'હની ટ્રેપ'માં ફસાઈ જતાં પછી રિબેરો સરની 'સલાહ' મુજબ બાર ડાન્સર સાથે સત્તાવાર લગ્ન કરી લેવા પડતાં! પોલીસ કમિશનર જુલિયો રિબેરોએ આ રીતે અનેક પોલીસ અધિકારીઓને પીડિત બારબાળાઓ સાથે પરણાવી દીધા હતા એટલે ૮૦ના દાયકામાં પોલીસ વર્તુળમાં આવાં લગ્ન 'રિબેરો મેરેજ' તરીકે જાણીતાં થઈ ગયાં હતાં! આ ઘટસ્ફોટ થોડા સમય પહેલાં રિબેરોના સમકાલીન એવા ક્રાઈમ બ્રાન્ચના એક નિવૃત્ત વરિષ્ઠ પોલીસ અધિકારીએ જ કર્યો છે.

### મનની મનમાં ન રાખો.. મનમાં જ રહી જશે...

આપણા ગુજરાતી વડા પ્રધાન નિયમિતરૂપે એમના 'મનની વાત' ખુલ્લા દિલે કરે છે અને ગુજરાતી સહિત દેશની ૧૪૬ કરોડ પ્રજા એ હોંશે હોંશે સાંભળે પણ છે કારણ કે વડા પ્રધાન એમાં નવા નવા વિષય લાવીને દેશને કઈ દિશામાં લઈ જવો એનો નિર્દેશ પણ આપે છે. બીજી તરફ આપણે ગુજરાતીઓ રોજિંદા જીવનમાં પણ મોકળા મને વાત કરતા નથી એવું આ 'ઈશિતા' નહીં પણ દેશભરમાં તાજેતરમાં થયેલો એક સર્વે - સંશોધન કહે છે. 'ઈન્ડિયન જર્નલ ઓફ સાયકોલોજિકલ સાયન્સ'ના રિસર્ચ મુજબ ગુજરાતી સ્ત્રીની સરખામણીએ ગુજરાતી પુરુષ એની લાગણી ૨૦% ઓછી વ્યકત કરે છે. પરિણામે ૨૦% જે વાત કહેતો નથી કે બીજાથી છુપાવે છે



એની આડ-અસર એની ખુદની તબિયત પર પડે છે. આ આડ-અસરને કારણે ગુજરાતી પુરુષ બ્લડ પ્રેશર - હાઈપરટેન્શનની બીમારીમાં વધુ અટવાય છે. આ સાથેના અન્ય એક સર્વેનાં કેટલાંક તારણ ચોંકાવનારાં પણ છે, જેમ કે પોતાની લાગણી મુક્ત મને ન વ્યકત કરતા ગુજરાતી પુરુષને વધી જતાં બ્લડપ્રેશર-BPને કારણે ગુજરાતમાં BPની દવાઓનું સૌથી વધુ વેચાણ નોંધાયું છે. ગુજરાતીઓને હૃદયને લગતી બીમારી પણ પજવે છે. આવા 'કાર્ડિયોવાસ્ક્યુલર ડિસિઝ'( CVD) ને કારણે એને લગતી દવાઓના વેચાણમાં પણ અંદાજિત ૧૧%નો વધારો નોંધાયો છે! આ બધા વચ્ચે એક વાત એ પણ જાણવા મળી કે આજે ગુજરાતી પુરુષની અપેક્ષિત આયુ ૭૦.૪ વર્ષ છે તો એની સરખામણીએ ગુજરાતી સ્ત્રીની અપેક્ષિત આયુ ૭૪.૧ વર્ષ છે. ટૂંકમાં, શ્રીમન ગુજરાતી કરતાં આપણી ગુજરાતણ ૪ વર્ષ વધુ જીવે છે!

### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» ફરી એક વાર શ્વાન દેશની સુપ્રીમ કોર્ટમાં ચમક્યો છે. આપણી સર્વોચ્ચ અદાલત શહેરમાં રખડતાં કૂતરાંના ત્રાસને લીધે સૌથી વધુ ચિંતિત છે. તાજેતરમાં આને લઈને આ કોર્ટમાં સુનાવણી થઈ ત્યારે આમ પ્રજાએ જાણવા જેવી કેટલીક વાત પણ બહાર આવી,જેમ કે

» દેશમાં આજે શ્વાનની વસતિ પાંચ કરોડ ૨૫ લાખનો આંક વટાવી ગઈ છે, જેમાં ભટકતાં કૂતરાં છે ૧ કરોડથી વધુ...

» આવાં કૂતરાંને શેલ્ટર હોમમાં સાચવવા - ખવડાવવા -પીવડાવવાનો અંદાજિત ખર્ચ છે ૬૨ કરોડ રૂપિયા...

» આ સુનાવણી દરમિયાન અમુક મુદ્દા હળવાશથી પણ ચર્ચાયા, જેમ કે...જયાં જયાંથી રખડતાં કૂતરાંને ખસેડવામાં આવ્યાં છે ત્યાં ઉંદરોની વસતિ વધી જાય છે ત્યારે નામદારે સૂચન કર્યું કે 'તો ઉંદરો પર અંકુશ લાવવા આપણે વધુ બિલાડી ઉછેરવી જોઈએ...!'



### ઈશિતાની એલચી

**સાચા સંબંધનો સાર કેટલો? વગર બોલ્યે વેદના વંચાય એટલો...!!**